**જાવક ક્રમાંક:** વસંધા/૧૩/અ/૧૯૯૪-૯૫ /૨૫-૨૬

નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
ગાંધીનગર વન વિભાગ, ઘ-૪ સર્કલ,
સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૬
ઈ-મેલ: dcfgnr001@gmail.com
તા.૧૮/૧૨/૨૦૨૫

**પ્રતિ,**
મુખ્ય વન સંરક્ષકશ્રી,
ગાંધીનગર વન વર્તુળ,
ગાંધીનગર

**વિષય:-** Diversion of 0.47892 ha. Protected Forest land for laying 8" dia steel gas pipeline connectivity for (1)Maruti Nadan CNG Station to Kanubhai Rabari SGL CNG station Ta.Dehgam (2) Bilasiya Bus Stand to Kanubhai Rabari CNG Station Dehgam Ta.Gandhinagar Dist.Gandhinagar. **(Total 0.47892 Ha.)**

(Online Proposal no. FP/GJ/Pipeline/154942/2022)

**સંદર્ભ:-** (૧) અત્રેના પત્રાંક:- વસંધા/૧૩/અ/૨૬૬૦-૬૨/તા.૨૩/૦૧/૨૦૨૫
(૨) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન, ગુ.રા., ગાંધીનગરના પત્રાંક:- જમન/૨૯-સી/બ/૧૩-૧૪/તા.૦૪/૦૪/૨૦૨૫

સાદર નિવેદન કે ઉપરોક્ત વિષયવાળી વન સંરક્ષણ ધારા-૧૯૮૦ અંતર્ગતની દરખાસ્ત ચીફ મેનેજર, સાબરમતી ગેસ લી., ગાંધીનગર દ્વારા અત્રેને મળેલ છે. સદરહું દરખાસ્તનો વિસ્તાર ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ ની કલમ-૨૯ હેઠળ પ્રોતેક્ટેડ ફોરેસ્ટ તરીકે જાહેર થયેલ હોઈ સદરહું વિસ્તારમાં કામગીરી માટે વન સંરક્ષણ ધારા-૧૯૮૦ની જોગવાઈઓ મુજબ સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહે છે. સદરહું દરખાસ્ત નિયત નમુનામાં તૈયાર કરી ઉપરોક્ત સંદર્ભ-૧ ના પત્રથી સાદર કરવામાં આવેલ છે. જેમાં અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન, ગુ.રા., ગાંધીનગરના ઉપરોક્ત સંદર્ભપત્ર-૨ થી જણાવેલ છે કે ૧.૦૦ હે. માટે ફક્ત ૧૦૦ રોપા માટે રૂ. ૭૧,૮૪૬/- પ્રમાણેની વળતર વનીકરણની યોજના પર્યાપ્ત જણાતી નથી. આથી ૧.૦૦ હે. માટે ૧૧૧૧ રોપા વાવેતર તથા તેની ૧૦ વર્ષની જાળવણી સહ તૈયાર કરી પરિવેશ પોર્ટલ પર પાર્ટ-૨ માં વળતર વનીકરણ સ્કીમ, કે.એમ.એલ ફાઈલ, ટોપોશીટ, લેન્ડ સ્યુટેબલ સર્ટીફિકેટ અપલોડ કરવામાં આવેલ છે તથા ભારત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ નિયત પ્રફોર્મામાં ચેકલીસ્ટ સહીત બે પ્રતમાં આ સાથે દરખાસ્ત પેટામાં સામેલ રાખી સાદર કરવામાં આવે છે. તો આ અંગે જરૂરી મંજુરી મેળવવા જવા વિનંતી છે.

**બિડાણ:-** ઉપર મુજબ

**(રવિરાજસિંહ વી. રાઠોડ)**
નાયબ વન સંરક્ષક
ગાંધીનગર વન વિભાગ
ગાંધીનગર

**નકલ સાદર રવાના:-** અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ વિદિત થવા સારૂ.

D:\1 Ganaral\Letters 2022-23-24\સી.સી.એફ. લેટર (પી.એફ. - નોન પી.એફ.).docx

ક્રમાંક: જમન/૨૯-સી/બ/૯૩-૯૪ /૨૦૨૫-૨૬,
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન બ્લોક નં. એ-૩
ચ-૩ સર્કલ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ સામે,
સેક્ટર ૧૦, ગાંધીનગર, તા. ૦૪/૦૪/૨૦૨૫

**વિષય:** Diversion of 0.47892 ha. Protected Forest land for laying 8" dia steel gas pipeline connectivity for (1) Maruti Nadan CNG Station to Kanubhai Rabari SGL CNG Station, Ta.Dahegam (2) Bilasiya Bus stand to Kanubhai Rabari CNG Station Dehgam Ta.Gadhinagar in District Gandhinagar.
(Online Proposal no. FP/GJ/Pipeline/154942/2022)

**સંદર્ભ :** વન અને પર્યાવરણ વિભાગના પત્ર ક્રમાંક : FED/FLP/e-file/6/2025/0754/F, તા.૦૩/૦૪/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે, વન સંરક્ષણ ધારા, ૧૯૮૦ ની દરખાસ્તમાં ૦.૪૭૮૯૨ હેક. પ્રોટેક્ટેડ ફોરેસ્ટ જમીનનું ડાયવર્ઝન થાય છે. જેના પ્રમાણમાં ૧.૦૦ હેક. માટે ફક્ત ૧૦૦ રોપ માટે રૂા.૭૧,૮૪૬/- પ્રમાણેની વળતર વનીકરણની યોજના પર્યાપ્ત જણાતી નથી. આથી ૧.૦૦ હેક. માટે ૧૧૧૧ રોપ વાવેતર તથા તેની ૧૦ વર્ષની જાળવણી સહ તૈયાર કરી પરિવેશ પોર્ટલ પર પાર્ટ-૨ માં વળતર વનીકરણ સ્કીમ, KML ફાઈલ, ટોપોશીટ, લેન્ડ સ્યુટેબલ સર્ટીફીકેટ અપલોડ કરી હાર્ડકોપીમાં અત્રે બે નકલમાં મોકલી આપવી. તેમજ જે વિસ્તારમાં ગેસ પાઈપલાઈન પસાર કરવાની છે ત્યાંથી તેને આગળ વધારવા માટે કોઈ અન્ય વન (સંરક્ષણ) ધારા, ૧૯૮૦ હેઠળની દરખાસ્ત રજુ થયેલ છે કે કેમ ? તેની વિગતો રજુ કરવા વિનંતી છે.

(ડૉ. જયપાલ સિંહ)
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક,
જમીન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
ગાંધીનગર વન વર્તુળ, ગાંધીનગર.

નકલ રવાના: નાયબ વન સંરક્ષકશ્રી, ગાંધીનગર વન વિભાગ, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.